महाराज श्री सेजपुरीजोनी

कीर्त्ती आख्यान.

દોહરો.

આ ગ્રંથ વાંચો તમે, પડશે તેમ સમુજ;
જ્ઞાન વધે તેમાં ઘણું, કીંમત ઘણીકે જુજ.
તે લેવા ઇચ્છો તમો, આંણી મન ઉલાસ;
પ્રેમથી પ્રીએ વાંચશો, એવી રાખું આશ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. ન્યાલ લાડકચંદ. તથા ઠક્કર ગીરધર વસરામ.

અને ભાવસાર કસ્તુર મોતી.

ગામ કુવર. તાલુકે રાધનપુર.

મદદગાર મહારાજ શ્રી સુરજપુરીજી તથા

માસ્તર પ્રાગજી પુનમચંદ રેહેવાશી રાધનપુર.

અમદાવાદ

મામાની હવેલી મધ્યે યુનાઇટેડ પ્રિન્ટિંગ અને

જી૦ એ૦ કંપની "લિમિટેડ"ના પ્રેસમાં

રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૪૪—સને ૧૮૮૮.

કિંમત રૂ.૦-૪-૦

महाराज श्री सेजपुरीजीनी

कीर्त्ती आख्यान.

દોહરો.

આ ગ્રંથ વાંચો તમે, પડશે તેમ રમુજ;
જ્ઞાન વધે તેમાં ઘણું, કીંમત ઘણીછે જુજ.
તે લેવા ઇચ્છો તમો, આણી મન ઉલ્લાસ;
પ્રેમથી પ્રીયે વાંચશો, એવી રાખું આશ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
શા. ન્યાલ લાડકચંદ. તથા ઠકર ગીરધર વસરામ.
અને ભાવસાર કસ્તુર મોતી.
ગામ કુવર. તાલુકે રાધનપુર.
મદદગાર માહારાજ શ્રી સુરજપુરીજી તથા
માસ્તર પ્રાગજી પુનમચંદ રેહેવાશી રાધનપુર.

અમદાવાદ

મામાની હવેલી મધ્યે યુનાઇટેડ પ્રિન્ટિંગ અને
જ૦ એ૦ કંપની "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યું.
સંવત ૧૯૪૪——સને ૧૮૮૭.
કિંમત રૂ. ૦-૪-૦

અર્પણ પત્રીકા.

સર્વ ગુણ સંપન, પરમ દયાળ, તીર્થ રૂપ
મુરબી ગુરૂજી માહારાજ શ્રી સેજપુરીજી
માહારાજના ચરણ કમળમાં પ્રવિષ્ટ થાય.
અમારા ઉપર આપનો મુળથી સંપુર્ણ ભાવ હોવાને
લીધે અમોએ આ લઘુ પુસ્તક અમારી અલ્પ
બુદ્ધિવડે બનાવીને તે આપને અતી વિનય
અને નમ્રતાથી અરપણ કરીએ છીએ
તો અમારી આ બુકમાં કાંઈ ભુલ
ચુક હશે તે આપ સુધારીને
વાંચશો એટલી આપની પાસે
ક્ષમા માગુંછું એજ હું
આપને લઘુ વીનંતી
કરૂંછું.

બનાવનાર.
અમે છીએ.
શા. ન્યાલ લાડકચંદ તથા ગીરધર તથા કસ્તુર.
મુ૰ કુવર.

૩૪૮૪

પ્રસ્તાવના.

હાલમાં રાધનપુર સ્તમ્થાનમાં મોજે કુવર ગામ છે ત્યાં મહારાજ શ્રી સેજપુરીજી મહારાજછે તેમનું મોટું ધામછે અને તે ગામમાં દુર દેશના લોકો જાતરા કરવાને સારૂ બહુ આવેછે પરંતુ આવા ધામને દીપાયમાન કરે તેવો બાવાજીની સ્તુતી રચવામાં આવીછે માટે સુજ્ઞ આર્ય બંધુઓ અને સ્વદેશભીમાની સજનોને ખુશકારક ને રમુજ આપનાર તેમજ જ્ઞાનરસે કરી શાંતપણાની વૃધી કરનાર એક મારી અલ્પ મતીવડે આ ટુંક હકીકતની બુક બનાવી છે તે વાંચી જ્ઞાનલાભ મેળવવાને ખરી વખત નહીં ચુકશો.

વળી મહારાજ શ્રી સેજાનંદજી માહારાજ જોગી પુરૂશ છે, તેમનાં દરશન કરવા ઘણા લોકો સો સો કોસથી આવે છે. તેની માનતા જે માનેછે તે ઘણું કરી પુરી પડે છે. વળી આ જોગી મહારાજ મોટા દેવ અવતારી પુરૂશ છે ને ત્યાં આસો સુદી ૮ના દીવસે મોટો મેળો ભરાયછે તેમાં હજારો લોકો જાત્રા અર્થે ભેગાં થાયછે, ને ત્યાં નવરાત્રીનો હવન મોટો થાયછે, તે મેળો બે દીવસ સુધી રહેછે ને પછી દરશન કરીને સૌ પોતાના સ્વદેશ જાયછે.

વળી મહારાજે મોટા મોટા પરચ્યા પુર્યાછે તેતો તમારા વાંચવામાં આગળ આવશે તો પણ થોડી બીના આંહી દરશાવું છું.

મહારાજે તો પહેલ વહેલો આંહી મોટો મઠ બાંધ્યો ને સદાવ્રત આપવા માંડ્યું (લાડુનું) આગળ પણ મહારાજના ગુરૂ આપતા હતા. ને હવેથી મોતીઆનું સદાવૃત અપાય છે ને હવેતો મોટું ધામ થયુંછે, માહારાજે પેહેલ વેહેલાંતો કુવર ગામના પટેલ અણદા સદાના ભાઇને પાઠાનો રોગ થયો હતો તે બાવાજી મહારાજના મુખવચનથી શાંતી થઇ.

એવા એવા ઘણાક પરચા એ જોગી મહારાજે પુર્યાછે. બાવાજી માહારાજના ગુરૂ પણ માહા જોગી પુરૂશ હતા તથા બાવાજી માહારાજના શીશ્ય સુરજપુરીજી પણ તેવાજ છે.

માટે હે સ્વદેશ બાંધવો તમો આ જોગી પુરૂશની કીર્તી આખ્યાન ધ્યાન દેઇને વાંચશો તો તમારી આશા પુરી પડશે.

હવે એટલુંજ નહીં પણ આ બુક વાંચી તેના અંદર દાખલ થએલ સ્તુતી જે માણસ કંઠાગ્રહ કરશે તેને માહારાજ શ્રી સેજપુરીજી માહારાજ અચળ સુખ બખશીસ કરશે તે સત્ય માનવું એવી અમારી ભલામણ છે.

છપાવનાર અમે છીએ.

સહી. શા. ન્યાલ લાડકચંદ, તથા ઠક્કર ગીરધર તથા ભાવસાર કસ્તુર મોતીચંદ.

ગામ કુવર.

લખનાર. માસ્તર. પ્રાગજી પુનમચંદ. કુવર સ્કુલ.

श्री महाराजनी स्तुती.

જે ગુરૂ દેવા, કરૂં સેવા, પામું મેવા, ચરણે શીશ નમાવી, માગું ભકિત મુક્તી લેવા. મે માલ કમાલ, હું કરણી મારી કુડી, સ્વામી સરણે રાખજો, કરગરૂં કરજોડી. તમ થકી માહારી લાજ હે, પકડો મોરી બાંય. અવગુણ મારા મેટ કરી દો, સંકટ મેટો સાંય, બુદ્ધી મારી સારી કરો, ભ્રમણા મારી ભાગો, ખાવીંદ ખોળે રાખી દોતો, જો તું જવહર જાગે. મેં પુત કપુત હું, આપ નીરંજન રાય. મેલો ચરણે આવીએ, ગુરૂ કરીઓ સાય. અલક નીરંજન આપ ગુરૂ. મેં ગરબીઓ ગાઈ, ચરણે શીશ નમાવી લાગું, સમરો મોરી ધાઈ. મે કરણી રોકું પહું, આપ દેવ હો રાય. ગરીબ ઉભો કરગરૂં, ગુરૂ કરીલો સાય. અનેક પાપ મેં કીયા, મેર કરો કરતાર. ભવસાગરમાં તારજો, મટ્યો જમરા કેરો ભાર, ક્રોડ ગુના મેં કીયા, આવ્યો ગુરૂની પાસ. ગરીબ જાણી ઓધારજો, છું તમારો દાસ. બાળપણમાં મેં એસુદ્ધ ખોયું, જવાનીમાં નવ જાણ્યું. ગુરૂ મળ્યા જબ ગ્નાન બતાવ્યા, જો જો ભુલતો ટાંણું. ગ્નાન ગરીબી મુજને આપો, સંતા મેળો વાસ. ખોળે આવ્યો ઉગારી લેજો, આપછો અવીનાશ. ભાવે ભકિત જે કરે, નામ લીએ નીરધાર. ઉથકી બેઠી બુડે નહીં, અલક કેરે ઉધાર. અલક નામ ઓચરે નહીં, નીંદા કરે અપાર, સુધ ન ઉગરા કેમ તરશે, ખાસે જમરા કેરો માર. આગે નરે તમે અનેક ઓધાર્યા, આજ એ ધારણ હાર. સાય મારી સહાય કર-

જો, નોધારાં આધાર. દુરબળ જાણી દયા કરજો, નજર કરજો સારી, બેડી મારી બુડે નહીં, કાઢો દરીઆ બારી. અનેક પાપ મેં કીયા, જેતામથે જાવાળ. સરણે સેજાનંદનો, આપે લીઓ આધાર. કંગાળ ઉભો કરગરૂં, રજ-ચરણ અધીકારી, માતા જેમ પુત્રને પાળે, ખબર લેજો મારી. માલ ગરીબો કરે સ્તુતી, દેવ ભારથીનો દાસ. સ-રણગતપું સેજપૂરીસે, દેવો વૈકુંઠ વાસ.

દોહરો.

શ્રી સરસ્વતીને હું નમું, ગણપત લાગુ પાય;
આ ગ્રંથ પ્રેમે કર્યો, સકળ બુદ્ધી આપો માય.
શ્રી શ્રી સેજાનંદજી, વસ્યા કુવર મોઝાર;
મઠ બાંધ્યો મોટો ઘણો, વઢીઆર દેશ મોઝાર.
સદાવૃત બાંધ્યું ઘણું, ભોજન કરે નરનાર;
સાધુ સંત આવે ઘણા, બોલે જેજેકાર.
એવા સેજાનંદજી, વરણવું વારંવાર;
પરચ્યા તો પુર્યા ઘણા, વઢીઆર દેશ મોઝાર.
સેજાનંદની મુરતી, જે જોશે નરનાર;
રોગીઆના રોગ ટાળશે, દુર ભરો વિકાર.
એવું કહેછે પ્રેમથી, ન્યાલ તમારો દાસ;
સેવકની આંશા પુરશો, થાશે સફળ સહુ કાજ.

સવૈયો પુરબ્યાં.

સ્વામી સેજાનંદશે, પરચ્યો દેખ્યો પુર; જાલક મલકની મેદની હરદમ રહે હજુર. તે હરદમ રહે હજુર, મુરાદા મનકી પાવે, સમરે કુળ સંસાર જરૂર દુખ સંકટ જાવે, કહે

અલીકવરાવ, ધરન સબ ધીરહે. પારસ સેજાનંદ, જગતમાં પીરહે.

લાવણી.

સમરણ કરીલે સેજપુરીકા, મટે ફંદ જમકા, મટે ફંદ જમકારે, મટે ફેરઆે રાસીકા. પ્રાણી સમરણ કરીલે. ટેક.

રધ સધ નવનીધ આપકી પાસે, સરૂપ સંકરેકા,
જોગે સરસ રૂપ સંકરકા, પ્રાણી સમરણ. ૧

નરપતી, અસપતિ, ગજપતી, નમીઆ, દેસદેસુ ડંકા,
જોગી તેરા દસદેસુ ડંકા, સીંગી નાદકે વાજાં વાગે.
પીજા ધરમકા, પ્રાણી સમરણ. ૨

ધરમ પાપના કરી ધરણીપર, ઉથાપ અધરમકા,
જોગી કીયા ઉથાપ અધરંમકા;
પંજા લગ્યા ભગવાન, પરીકા પદથી યા પ્રેમકા, પ્રાણી. ૩

કરી વાલ કરજોડ કહે, મેં મેલ ચરણુંકા.
જોગી તેરા ચેલા ચરણકું,
સેજપુરીકી ક્રીપા ભાઈ, ભય ભાગ્યા ભ્રમકા. પ્રાંણી. ૪

ત્રિભંગી છંદ.

સેજાનંદ સાંમી, અંતરજામી, જગપર નામી, જોગે સંગ.ટેક

ઓય અવતારા, જીવ ઓધારા, સામી તારણ સંસારા,
પાવે કો પારા, અગમ અપારા, સોય રમે સચરા સારા,
નવખંડ તે ન્યારા, મતા તુમારા, લારામારં નવ લે સંગ. સે.૧

જોતાં માહા જોગી, માયા તાગી, આલ અભંગી, અણસંગ,
રાખણ જગરંમી, દેશ ઉભંગી, ભેદનકંગી, અણભંગી,
આઠ જામ સુરંગી, રહે ઉમંગી,દંગ ભવ ઉનમતદે સંગ. સે.૨

જાત્રા કેઈ આવે, પુસ્પ ચડાવે, પાવ સુધરવણ પારં,
ગુણાર વગાવે આનંદ કાવે, નેણ ભરાવે, મેવા રંગ,
અભીયા પદ પાવે, જમ દુખ જાવે, ભાવે દીસે ભુતેસંગ.સે. ૩
ચરણે કેઈ આયા, માહાપદ પાયા, ગણ જોગીકા નિત ગયા,
પરચા ત્રણ પાયા, આસ પુરાયા, ધ્યાન સેજાનંદકા ધાયા,
ભુતજન્મ મટાયા, ઠીક ઠરાયા, પટા લખાયા પરમે સંગ. સે. ૪
પતીતાં પાલંગ, પાપ નીવારણ, સંકટ ટારણ, જુગ સારા.
કેઈ જીવ ઓધારણ, વાંઝ નીવારણ, હડકાંકે પાલણહાર,
આયે જગતારણ, કારજ્યા કારણ, પરથી ઓધારણ પરમેસંગ.
સેજાનંદ રંજણ, ભવદુખ ભંજણ, પાતીક ગંજણ, સધપુરા;
સહાર સરંજણ, પુરા પુજણ, કરે નમણ, નૃપ જગ કેરા,
ધાવે નહી વંજણ,માયા અંજણ, આદનારંજણ, આદસંગસે. ૯

કવિત.

રામરંગ રંગે આજ, સેજાનંદ સ્વામી જ્યુંહે,
ટારી માયા ફંદ ઓર, દામકે અસંગી હે;
આવે કેઈ ભુપ નમે, પાવ નમે નીત પ્રતે,
પાવત મનોરથ સબ, આપ આપ મનહે.
દેશ દેશહુકે લોક, દરસનકે જોગ આવે,
ભાવે સોયે માગે, પ્રચ્છા હોય ત્યાંકું દેતહે;
એસો જોગી કોઈ, કળીઅંત મેં ન હોય,
આગે દશ નામકે રૂપ આજ સેજાનંદ સ્વામી જ્યુંહે.
ભયે નારાયણપુરી, આગે જુગુંકુ યેતાથા ભારી,
માહાજોગી અગર ભોગી, દેવનકે દેવ હે;

રૂષીઅનકે મધ જેસે, નારદ વાલમકી બ્યાસ તે સેહીલખી,
રહે અલખ અભેવછે, તાકે ભગવાનપુરી ત્યાગી.
માહાજોગી, તેસે જુગમે શીરોમણીહે, માહાદવેક એવછે,
સેજાનંદ સ્વામી, જાકુ ચાર ધામહે પ્રસીધ.
અનહદકી ગમ જ્યાંકું, પ્રસન્ન મોહ સહે,
સાંમી સેજાનંદ આઈ, જોગી અવનાસી;
આઠે પહોર આનંદ રહે, કેવળ સુખ રાસી.
પરચા પરથી પરમાણ, ઉપમા આદ અનાદી,
ડંકા થે દસદેશ, સહુ ઘર સેજ સમાદી;
જાત્રાકે આવે જગત, ફેરો મટે ભવ ફંદકો,
જોડ પાંણ વસરામ, જંપે સરણા સેજાનંદકો.

દોહરો.

સાંમી સેજાનંદજી, અલક પુરૂશ અવતાર;
પર ઉપગારી દીસો તમો, પર સંકટ હરનાર. ૧
આપ દેવ સીવ રૂપછો, ગુણસાગર ગુણજાણ;
એવા જોગીછો તમો, દીસો ચતુર સુજાણ. ૨
જે કોઈ આવી આપને, ચરણે નમાવે શીશ;
મન ઇચ્છાફળ દેતહો, જોગી સેજાઇશ. ૩
કરજોડી કસ્તુર કહે, નમું ચરણે શીશ;
દયા કરીને રાખજો, નમું વારંવાર ઇશ. ૪

લાવણી.

સાંમી સેજાનંદ સાંમ હમારા, તનમાં તસ્બી અખંડ ફરે,
તનમાં તસ્બી અખંડ ફરે ત્યારે બાવાજી બોલે, મુખ અ-

મો ઝરે. સ્વામી સેજાનંદ ટેક. બાપે સદાવ્રતની ધજા બાંધી ત્યારે, નીત શીરાપુરી ચાલતી કરી સ્વાંમી. ૧ આઠમે માતાજીનો હવન કરે ત્યારે, વરણ આવી ચરણે નમે. સ્વામી. ૨ નોરતાની આઠમનો મેળો બાંધ્યો, ત્યારે રણમાં મેડ નીર કર્યા. સ્વામી. ૩ ગોરાં, પીરાંનું ધુપ ધરે તારે, અલક ગુરૂના ભજન કરે. સ્વામી. ૪ કુવર ગામનો મનખો સુધાર્યો તારે, અંદર ચણ્યાનો બાપે હુકમ કર્યો, સ્વાંમી. ૫ કાશી, પરાગ ને માતા હીંગરાજ, દ્વારકામાં જેજે બોલે રે, સ્વાંમી. ૬ સાલ્યાં સદાવ્રત સેજપુરીનાં, વૈકુંઠમાં જેની વાસના ફરે. સ્વાંમી. ૭ શીશ નમાવી ચરણામાં આવે ત્યારે તેથી જમડા દુર ફરે. સ્વાંમી. ૮ અણદા સદાનો રોગ મટાડ્યો ત્યારે, સેવક ગુરૂના ભજન કરે. સ્વાંમી. ૯ કર જોડીને ગાય ગરીબદાસ, શરણે તમારે શીશ ધર્યો. સ્વાંમી સેજાનંદ. ૧૦.

સામૈઉ. (૧)

સેજાનંદને વધાવા ચાલોરે, પાપ દુખડાં સંસારનાં ટાળોરે. ટેક. આજ પ્રેમે પધાર્યા સ્વામીરે, કર્યા મનખો સફળ શીર નામીરે, સેજાનંદ. ૧ બાવો બેઠા ધરેછે ધ્યાનરે. કરવા સેવકના શુભ કામરે, સેજા૦ ૨ મળી મળવા મનોહર નારીરે, દરશન કરવાને હુલમલ ભારીરે. સેજા૦ ૩ પ્રેમે પુજી સ્વામીને પધરાવ્યારે, કંકુ ચોખલીએ વધાવ્યારે, સેજા૦ ૪ સુખ જનમોજનમનું લીધું રે, સ્વાંમી કેશવને દરીસણ કીધુંરે. સેજાનંદને વધાવા હાલોરે. ૫

સામૈઉ. (૨)

ધન આજની ઘડી રળીઆમણીરે (એ રાગનું.)
સામૈયે સેજાનંદને સખી ચાલોને રે,
એવાં મેલી મનમાં માન વધારવા ચાલોને રે ટેક.
વાલો પધાર્યા વાડીએ સખી ચાલોને મારે,
ઉમંગ અંગ ન સમાય વધાવા ચાલોને રે. સા. ૧
પેરો પીતાંમ્બર પ્રેમનાં સખી ચાલોને રે,
તમે સજીને સોળ સણગાર વધાવાને ચાલોને રે. ૨
થાળ ભર્યા સગ મોતીએ સખી ચાલોને રે,
માંહે શ્રીફળ મેલ્યાંછે સાર. વધાવા ચાલોને રે. ૩
કળશ ભર્યા ગંગાજળે સખી ચાલોને રે,
માથે શ્રીફળ સોધલી સાર. વધાવાને ચાલોને રે. ૪
ઝાંઝ પખાજ વખાજ વાગીયું સખી ચાલોને રે,
માંહી ઝાંઝરનો ઝમકાર. વધવાને ચાલોને રે. ૫
માંહી સાધુ રમે સોહામણા સખી ચાલોને રે,
માંહે ઉડે અબીલ ગુલાલ. વધાવા ચાલોને રે. સા. ૬
ગાતાંતે વાતાં ચાલીઆં સખી ચાલોને રે,
મારે હૈડે હરખન માય વધાવા ચાલોરે. સામૈયે. ૭
વાલો વધાવ્યા મોતીએ સખી ચાલોને રે,
ચોખલા ચોડ્યા લલાટ વધાવા ચાલો રે. સાં૦ ૮
એને મળતાંતે માહાસુખ ઉપને સખી ચાલોને રે,
ટળી જાય ત્રીવીધીના તાપ. વધાવા ચાલો રે. ૯
એને નેણ ભરીને નીરખીએ સખી ચાલોને રે,
ચરણે ચીતવીને લાગુ પાય. વધાવા હાલો રે. ૧૦

પ્રેમ કરીને પધરાવીએ સખી ચાલોને રે,
મારા મંદર મેલું માંય. વધાવા હાલો રે. સા૦ ૧૧
સાધુને ઉતરવા ઓરડા સખી ચાલોને રે,
મારા વાલાને મેડીના મોલ; વધાવા હાલો રે. સા૦ ૧૨
સાધુને આસન ઢોલીઆ સખી ચાલોને રે,
મારા વાલાને હીંચોળાખાટ. વધાવા હાલો રે. સા૦ ૧૩
ગાલ મસુરીઆં ગાંદલાં સખી ચાલોને રે,
માથે અતલસના ઓછાડ, વધાવા હાલો રે. ૧૪
દાતણ દિશું. દાડમી સખી ચાલોને રે,
સ્વામીજીને કણેરી કામ વધાવા હાલો રે. ૧૫
તાંબા કુંડીએ જળ ભરી સખી ચાલોને રે,
બેસણ ઢાળા બાજોઠ વધાવા હાલો રે. ૧૬
નવરાવું નીરાંતે કરી સખી ચાલોને રે,
એના દુધે પખાળું પાય વધાવા હાલો રે. સા૦ ૧૭
ચરણાંમન લઇએ પ્રેમ કરી સખી ચાલોને રે,
મારા પંડના પ્રાચીત જાય વધાવા હાલો રે. ૧૮
ભોજન કરાવું ભાવતાં સખી ચાલોને રે,
એને ઘેબરીઓ કુંસાર, વધાવા હાલો રે. સા૦ ૧૯
સેવ સુંવાળી લાવસી સખી ચાલોને રે,
એને ખાંતે રંધાવું ખીર વધાવા હાલો રે. સા૦ ૨૦
ઘી ધારારૂપી રસુંધણા સખી ચાલોને રે,
માંહે ખોબલે પીરસાવું ખાંડ વધાવા હાલો રે. સા૦ ૨૧
જમાડીને તરત્યા કરૂં સખી ચાલોને રે,
એની જુઠ ધરૂં મુખ માંય વધાવા હલો રે. સા૦ ૨૨

પાન સોપારી બીડીજી સખી ચાલોને રે,
માથે લવીંગનીછે લેર, વધાવા હાલો રે. સા૦ ૨૩
સેજે પોઢાળું સુખાળવા સખી ચાલોને રે,
માથે વીંઝણે ઢોળું વાય વધાવા હાલો રે. સા૦ ૨૪
તન મન ધન ચરણે ધરૂં સખી ચાલોને રે,
હુંતો અંતર ન રાખું કાંય. વધાવા હાલો રે. સા૦ ૨૫
નાથને ઘડી ન વીસારીએ સખી ચાલોને રે,
એને રાખું રૂદીઆ માંય, વધાવા હાલો રે. સા૦ ૨૬
ગાય શીખેને સાંભળે સખી ચાલોને રે,
તેનો વૈકુંઠ થાએ વાસ વધાવા ચાલોને રે. સા૦ ૨૭

ગરબી. ૧. (ઓધા નંદકો છોરો નમેરો થયાજો એ રાગ.)

જો આ સેજપુરી પ્રાક્રમી અપારછે જો,
દયાવંત બહુ ચીતના ઉધારછે જો ટેક.
કુવર ગામમાં નીવાસ સુખ ધામછે રે,
મન હરખ પામે એવા વસરામછે રે. જો આ૦ ૧
નવરાત્રીમાં થાપન દેવીનું કરે રે,
હવન થાય વીપ્ર ચંડીપાઠ ઓચરે રે. જો આ૦ ૨
સંત સાધુ ત્યાં રહેછે બહુ ચાહીને રે,
ભોજન જમે ગુણ ગાઈ હરખાઇને રે. જો આ૦ ૩
રાધનપુરમાંથી માન મળ્યું આપને રે,
આશીશ આજી બીસમીલ્લાખાં નવાબને રે. જો આ૦૪
દરસણ કર્યાથી દુર પાપ થાયછે રે,
કર જોડી મોહન ગુણ ગાયછે રે. જો આ૦ ૫

ગરબી- ૨. ઉપર પ્રમાણે રાગ છે.

સેજપુરી જોતાંતે સુખ થાયછે જો, જો જીવ ચરણે આવે

દુખ જાયછે રે. ટેક. હાર હરીની માળ અખંડ જેને હાથ છેરે, સાધઅવાળા સાધુ સદાય સાથ રેછે, નવ નાથ તેમાં અલીનાથછે રે. સેજપુરી. ૧ તપ તેજ જોઇને શાંતી વળેરે, ગર્ભ ઉતરી જાઇને મનડું ગળે રે મહા પુન્ય હોય તેને મળે રે. સેજપુરી. ૨ વરતાવ્યો કળીમાં સત જગ વળી રે. દરદ ક્રોધ કામ નાંખ્યા દળી રે, માહા જોગી કહેછે મેદની મળી રે. સેજપુરી. ૩ દુર પાપ થાયછે દરસન થકી રે, તેમાં ધર્મ રહ્યો અતીશે ટકી રે. નારણદાસ કીરત કેછે નકી રે. સેજપુરી. ૪.

ગરબી. ૩. રાગ ઉપર પ્રમાણે છે.

અમોતો સરણે આવ્યા સેજાનાથનો રે, સાચો પરચો ધણી સમરથનો રે, ટેક. બાવાજી દયાતણા દરીઆવછેરે, નામ ભવજલ તરવા કેરો નાવછે રે. અમેતો૦ ૧ બાવાના પરચા નવે ખંડ઼માં ગીઆરે, અલા ઉપર જસના રવી ઉગીઆ રે. અમેતો૦ ૨ જગ બધે એનો જયકારછે રે, એવા આપે અંસા અવતારછે રે. અમેતો૦ ૩ સાંમીનો પક્ષો આએ પીડા ટળે રે, મનગમતાં પદારથને મળે રે. અમેતો૦ ૪ જોગીનાં દરસન કરે દુખ જાયછે રે, ગુણ ગરબી દીલજાન કવી ગાયછે રે. અમેતો સરણે આવ્યા સેજાનાથનો રે.

ગરબી. ૪. રાગ ઉપર પ્રમાણેછે.

હાલો જાએ કુવરમાં રૂડું ધામછે રે,
ત્યાં સાધુ તણા વસરાંમછે રે. ટેક.
સાંમીને આસને તે ચરણ પુજાયછે રે,

નવનીધી હાલીને તહાં જાયછે રે. હાલો જાઓ૦ ૧
નવરાત્રીના હવન તીહાં થાયછે રે,
અનપુરણા હાલીને તીહાં જાયછે રે. હાલો જાઓ૦ ૨
બાવાના સાધુ તે શીરાપુરી ખાયછે રે,
ચાર ધામમાં જે બોલાયછે રે. હાલો જાઓ૦ ૩
બાવાનો પેહેલો તે પરચો બાળીઓ રે,
પટેલ અણદાનો માહારોગ ટાળીઓ રે. હાલો૦ ૪
સ્વાંમીનો બીજો તે પરચો દાખીઓ રે,
વેહેતા જળમાંથી બાળક રાખીઓ રે. હાલો૦ ૫
કર જોડી વચન અમે દાખીએ રે,
સ્વાંમી સંકરને શરણે રાખીએ રે. હાલો૦ ૬

ગરબી. ૫. રાગ ઉપર પ્રમાણે છે.

બાવોજી પ્રગટ થયા વઢીઆરમાં રે,
જસ ફેલ્યોછે સર્વે સંસારમાં રે. બાવો૦ ટેક.
સ્વાંમીની નવખંડમાં છે નાંમના રે,
અખંડ પરચ્યા સેજાનંદ સામના રે. બાવોજી૦ ૧
સ્વાંમીનાં પ્રેમે પધરાંમણાં થાયછે રે,
સાધુ શીરાપુરી નીત ખાયછે રે. બાવોજી૦ ૨
આસ કરી કોઈ જાત્રાળુ આવીઆ રે,
બાવાજીએ વાંઝીઆને પારણાં બંધાવીઆં રે. બાવો૦ ૩
બાવોજી પ્રગટ્યાછે કુવર ગામમાં રે,
ધુન બોલાયછેરે ચારે ધામમાં રે. બાવોજી૦ ૪
જેને દરસન સ્વામીજીનાં થાયછે રે,

કોટી જનમનાં પ્રાચીત જાયછે રે. બાવોજી૦ ૫
સ્વામીનું મતું માહાઅગમ અપારછે રે,
બાવોજી નોધારાંના ઓધારછે રે. બાવોજી૦ ૬
સ્વાંમીજી અગમ અગાજ માહા સાગછે રે,
બાવોજી કાશી ગંગાને પ્રાગછે રે. બાવોજી૦ ૭
સ્વાંમીજી સર્વે તે પુરણ કામછે રે,
તમારા દાસનો દાસ વસરામછે રે. બાવોજી૦ ૮

ગરબી. ૬. રાગ ઉપર પ્રમાણે.

જેને સ્વાંમી સેજાનંદ ભેટીઆ રે,
ભવસાગર તણા ભય મેટીઆ રે. જેને. ટેક.
સ્વાંમીજી પ્રાંણી અનેકને પાળવા રે,
અવતરીઆ છે જગત ઓધારવા રે. જેને૦ ૧
સ્વાંમીને સમર્યાં તેનાં કામ સારીઆં રે,
બાવેજીએ સેવકાંને પાર ઉતારીઆરે. જેને૦ ૨
*એક જગન થયોરે ખારાપાટમાં રે,
ધૃત ખુટ્યું મેળના ઘાટમાં રે. જેને૦ ૩

---

* ખારાપાટમાં ઝીંઝુવાડા તાબે વીસનગર ગામછે ત્યાં એક રબારીએ મોટો વરો કર્યો હતો તેમજ વરાને દહાડે ધૃત ખુટ્યું તે બાવાજી માહારાજ પધાર્યા ને કહેકે ક્યાં તમારે ખુટ્યુંછે ને તે પછીથી જુએતો ગોળા ભરેલા દીઠા પછે તેમને ઘીની રેલ કરીછે તે જ્યાં સુધી રબારી હોય ત્યાં સુધી તેમની રેલ ફરે તે કોઈ રોકી શકે નહીં તેવી સેવકે પરચો દેખીને કરીછે.

સૌ સેવકે મળીને સંભાળીઆ રે,
બાવોજી સમરણ કરતાં પધારીઆ રે. જેને૦ ૪
સૌ સેવકાં તણો સંશય હર્યા રે,
ધ્રા પુરીને જગન પુરો કર્યો રે. જેને૦ ૫
જેણે પ્રેમે સંકટમાં પોકારીઓ રે,
બાવાજીએ ગોધાણે રાહકો ઉગારીઓ રે. જેને૦ ૬
જેને હ્રદયમાં સેજાનંદ છે રે,
તેને નીત નીતના આનંદછે રે. જેને સ્વાંમી૦ ૭
તમારૂં અધમ ઓધારણ નામછે રે,
તમારે ચરણે આવ્યો વસરામછે રે. જેને સ્વાંમી૦૮

ગરબી. ૭. ઉપરનો રાગછે.

ધન ધનરે સેજાનંદ સાંમને રે,
જેણે જાણ્યા નીરંતર નાંમછે રે. ધન ધનરે. ટેક.
બાવોજી અનંત જોગીનાં સંતછે રે,
મોટા જોગી માહા ભાગ્યવંતછે રે. ધન ધનરે. ૧
ત્યાં આનંદ તે આઠે જામછે રે,
એવું શોભીત સેજાનંદ ધામછે રે. ધન ધનરે. ૨
ત્યાં નીત નીત ઓછ્વ થાયછે રે,
ત્યાં સત જગત્રેતા વરતાયછે રે. ધન ધનરે. ૩
કુવર ગામમાં અન ખેતર કાપીઆં રે,
ત્યાં અડસઠ તીરથ ચાલી આવીઆંરે. ધન ધનરે.૪
ત્યાં પ્રસાદ અનેક સંત પાયછે રે,
ત્યાં જેજેકાર બોલાયછે રે. ધન ધનરે. ૫

કુણ પામે સ્વામીજીના પારને રે,
ભુજ કીધુંછે દેશ વઢીઆરને રે. ધન ધનરે. ૬
એક રસનાને ગુણના અપારછે રે,
વસરામની પ્રાણ આધારછે રે. ધન ધનરે. ૭

ગરબી. ૮. રાગ ઉપર પ્રમાણે.

ચાલો જઈએ બાવાજીના શેહેરમાં રે,
દરશન થાશે ગાંજાની લેરમાં રે. ટેક.
દરશન કરવાનો મોટો મહીમાયછે રે,
ત્યાંતો ભક્તિનો વાસ સદાયછે રે. ચાલો० ૧
પાપ જાસે દરશન દુખે દેખતાં રે,
પરચા દેખી માનવ સદા સેવતાં રે. ચાલો० ૨
બાવાની નાંમના તો વધીછે ઘણી રે,
એવા મોટા થયાછે પારસ મણી રે. ચાલો० ૩
ગુરૂની જગોજગ ચાલી નામના રે,
ગુણ ગાવે સદાશીવ સ્વાંમના રે. ચાલો० ૪
નિત્ય ભજનમાં બાવો ભરપુરછે રે,
કેસવ કરૂણાનીધીના પુરછે રે. ચાલો० ૫

ગરબી. ૯. રાગ ઉપર પ્રમાણે.

તાળી લાગી તરવેણીના તીરમાં રે,
ધ્યાન લાગુ અનાદી રઘુવીરમાં રે. તાળી. ટેક.
દશ દેશની જાત્રાઉ જાયછે રે,
પુરા મનના મનોરથ થાયછે રે. તાળી લાગી. ૧
સંત સાધુ તણો વસરામછે રે,

આહું ચોદશ કુવરે સુભ ધામછે રે. તાળી. ૨
પટેલ અણદાનો મહારોગ કાપીઓ રે,
પેલો પરચો બાવાજીએ આપીઓ રે. તાળી. ૩
શીરાપુરી સાધુ સદા પાયછે રે,
ચારે ધામમાં જેજે બોલાયછે રે. તાળી. ૪
કરજોડી કેસવ ગુણ ગાયછે રે,
દરસન કરવાથી પાપ દુર થાયછે રે. તાળી. ૫

ગરબી. ૧૦. રાગ ઉપર પ્રમાણે.

દરસન કરીલો સેજાનંદ સાંમનાં રે,
જાશે પાતીક પલક ધરો ધ્યાનમાં રે. દરસન. ટેક.
બાવા આપે પુરણ અવતારછે રે,
જેને સંકર ઉપર આધારછે રે. દરસન. ૧
દેશ દેશમાં તે માનતા મનાયછે રે,
તેને સદા લીલાલેર થાયછે રે. દરસન. ૨
સ્વામીનાં નીત્ય પધરામણાં થાયછે રે,
ત્યાંતો ગુણ ગોવીંદના ગાયછે રે. દરસન. ૩
કર જોડીને લઊંછું વારણાં રે,
બાવા બંધાવે વાંઝીઆને પારણાં રે. દરશન. ૪
કર જોડી કેશવ ગુણ ગાયછે રે,
બાવાના ચરણે આવ્યાથી સુખ થાયછે રે. દર૦ ૫

ગરબી. ૧૧. રાગ ઉપરનો.

બલીહારી બાવાજીના નાંમને રે,
કર ક્રીપા માહારાજ મુજ રાંકનારે. બલીહારી ટેક.
બાવાનો પરચો તે હાજરા હજુરછે રે,

રીધી સીધીના ભંડાર ભરપુરછે રે. બલીહારી. ૧
કરી કરૂણા બાળકને સંભાળીઆ રે,
નામ લેતાં માહાજળથી તારીઆ રે. બલીહારી. ૨
ધન્ય ધન્યરે બાવાના પરભાવને રે,
સેવક સમરે ઉતારો ભવ પારને રે. બલીહારી. ૩
નવરાત્રીના નવ વાસ થાયછે રે,
ઓદસ જોવાને સંઘ ત્યાં ભરાયછે રે. બલીહારી. ૪
ખીર ખાંડ ને ઘૃત ચુંદડી ઓમાયછે રે.
કેશવ જોજો જે વેચ્યું ન થાયછે રે. બલીહારી. ૫

ધોળ.

ચાલો સેજાનંદને વધાવીએ, સ્વામી અખંડા નંદ અવતાર.
પ્રમપદ પાવીએ, સર્વે દુખ ટળે દરશન થકી;
બાવા અલેપદના દાતાર. પ્રમપદ પાવીએ ટેક.
એમના ચરણ ધોઈએ ગંગાજળે,
અધ જનમો જનમના જાય, પ્રમપદ પાવીએ. ૧
કરીએ પ્રથમ આડ કંકુ તણી,
લેને ચોખા ચોડીએ ભાળ. પ્રમપદ પાવીએ. ૨
સાચે મોતીડે વધાવીએ,
પછે પધરાવીએ નીજ દ્વારે, પ્રમપદ પાવીએ. ૩
આપણું ધન તન મન સરણે ધરી,
કરીએ અસ્તુતીનો ઉચ્ચાર, પ્રમપદ પાવીએ. ૪
ધન સેજાનંદ પધારીઆ,
પુન્ય તણો નહી પાર, પ્રમપદ પાવીએ. ૫
સામી વસરામને કરૂણા કરો,

તમે નોધારાંના છો આધાર, પ્રમપદ પાવીએ. ૬

ગરબી. ૧૨.

ઓધા નંદકો છોરો નમેરો થયો જો એ રાગ.

કુવરમાં જોગી સેજારામ છે રે,
એને સંત ઉપર ઘણો ભાવછે રે. કુવરમાં. ટેક.
સ્વાંમી નેણમાં તે વેણમાં અમી ઝરે રે, .
બાવોજી અમૃત વાણી મુખે ઓચરે રે કુવરમાં. ૧
દરશન કરતાં તે દુઃખ સર્વે જાયછે રે,
એના પરીઆ પવીતર થાયછે રે. કુવરમાં. ૨
કરી ડંડવ્રતને પાયે લાગીએ રે,
મન વચીંતાં ફળ અમે માગીયે રે. કુવરમાં. ૩
કર જોડી વચન અમે દાખીયે રે,
સ્વામી શંકરને શરણે રાખીયે રે. કુવરમાં. ૪

ગરબી. ૧૩. (રાગ ઉપરનો)

સ્વાંમી સેજાનંદ આવીઆ રે,
આવી આનંદ કીધો ઓછવ જોય. સ્વાંમી૦ ટેક.
એવા અવતારી પુરૂષ પ્રગટ્યા રે,
એવા સંત સાચા શુરવીર જોય. સ્વામી૦ ૧
નવ નાથમાંના નાથ કોઈ નાપત્યા રે,
નવે ખંડમાં રાખેલ નામ જોય. સ્વામી૦ ૨
નવ નીધી તે એના હાથમાં રે,
એવા સધ સમરથ જોય. સ્વામી સેજાનંદ. ૩
એવા જોગી જોગારામ ખેલમાં રે,

માંય ભગતીનો લીધેલ ભેગ જોય. સ્વાંમી૦ ૪
કામ ક્રોધ મોહ મધ જેણે મારીઆ રે,
એવા ગુણવંતા ગંભીર જોય. સ્વાંમી૦ ૫
દાસ દયાળગર મહીમા ગાયછે રે,
હુંતો સદાય ચરણાનો દાસ જોય. સ્વાંમી૦ ૬

ગરબો. ૧૪. (રાગ ઉપરનો)

સ્વાંમી સેજાનંદ સેવીએરે, મેલી મનના માન જોય. સ્વાંમી.ટેક
જેણે ધામ ચલાવ્યું ધર્મનુંરે, વરણ અઢારે એકઠાં થાયજોય. ૧
એવા સ્વાંમીતે સમદર રૂપછેરે, મઈ મોતી મુંઘેરે મુલ જોય સાં. ૨
હંસ હસે તે મોતી વેણસેરે, બગ ઉડીને અળગાં થાય જોય. સાં. ૩
આડ પાર આણંદની લેરછેરે, એવી ઘડી લાએણી જાયજોય. ૪
સાચા હસે તે મોજુ માણસેરે, એના જરા મરણભે જાયજોય. ૫
દાસ દયાળગર ગરબી ગાયછેરે, મહંત તણો મેમાય જોય. સાં. ૬

ગરબી. ૧૫. (રાગ ઉપરનો)

એવા સંત ઉજાગર કુવરમાં રે,
સીળ સંતોસ સદા એના ઉરમાં રે. એવા સંત. ટેક.
જેણે વઢીયાર દેશ ચેતાવીયો રે,
જેણે ધુંનીધર ધર્મ ચલાવીઓ રે. એવા સંત૦ ૧
ભારે ભારે તે ભૂપ નમાવીઆ રે,
સર્વે ભગતું તણે મન ભાવીઆ રે. એવા સંત૦ ૨
સર્વે પીરમાં પીર પરવેણછે રે,
નવનીધી તે એમાં લીનછે રે. એવા સંત૦ ૩
ગરબી ગાય દીયાગળ પ્રેમથી રે,
એતો જુઠું કાંઈ કહ્યું નથી રે. એવા સંત૦ ૪

ગરબી. ૧૬. (હરીવેણ વાયછેરે હો વનમાં એ રાગ.)
અકળ અવતાર સેજાનંદ સામી, જગતમાં પ્રગટ્યા અંતરજામી
જનસુખદાયક કરે હો જાણો, અદવીત ભાવ રૂદામો આણો;
કળીમાં પુન ધરમનું કહીયે, રે નદી વસ જઈ ચરણે રહીએ;
અનેક સંકટથી જીવ ઓધાર્યા. વીશ્વમાં પુન્યઘાટ વધાર્યા;
કારજ સેવકનાં રેહો કીધાં, દાન અમેપદનાં લઈ લીધાં ;
પુન્યની બાંધીરે હો પાજા, માંડી લઈ વેદ તણી મરજાદા.
જાત્રા સાંમીનીરે હો જાતાં, ઠરેછે મારાં નેણ ત્યાં દરસન થાતાં;
જમને રામ મોલરે હો જોયા, ખરાં અધકોટી જલમનાં ખોયાં;
નવરાત્રીનો ઓછવરે હો નરખ્યો, છે કાંઈ કુંભ ગોદાવરી સરખો.
અનેક સત દરશનરે હો આવે, કળી મળ કોટી જલમનાં જાવે;
ગઉલોક કુવરેરે હો ગામ, ધન ધન સેજાનંદનું ધામ.
કોઈ નર ધારે મનરે હો કામ, પુરેછે બાવો હૈડા કેરી હામ.
પડેછે અપરમરે હો પાર, અકળકળા વીસ્વ તણા ઓધાર;
હવે શીર મેલોરે હો હાથ, નીરમળ અકળ અનાથાના નાથ;
ગુરૂજીએ બાંએરે હો ગરાયો, વસરામ તમારે ચરણે આવ્યો.

ગરબી. ૧૭. (રાગ ઉપરનો છે)

સતતા શોભે સેજાનંદકી, જાણુ આપ સર્વે એના દલકી.
જસરે જગતમાંરે હો તારો, કીધો કળીજગમાં સતજગ વારો,
તન મન ચરણેરે હો મેલી, વીનતી કરે સકળમે મેલી;
આવ્યા જન શરણે કેક ઓધાર્યા, અણદાસહીત અનેક નર તાર્યા.
ઉમંગ કરીનેરે હો આવ્યો, દરશન કરી જન્મફળ પાવ્યો;
સાંમળી મૂરતીરે હો સારી, અનમે મુરતી આનંદકારી.

સુર તરૂ સેજારે સુખકારી, જડે તતકાળ પદારથ ચારી;
એવું જાણી શરણેરે હો આવે, દુઃખદાળીદ્ર સર્વે જાવે.
આપ પ્રછારે હો કીધી, કરૂણા સર્વે જગતપર કીધી;
શોભા સાગરરે હો સ્વાંમી, એવા આપછો અંતરજામી.
એવું તમે અંતરમાંરે નાણો, ગુરૂગોવીંદ એક કરી જાણો;
મનની આંટીરે હો મેલી, ચરણે ચીત ધરો ભેલી.
આવ્યા નરરે હોતેને તાર્યા, આગે ભગત અનેક ઓધાર્યા;
અસલ અનાદીરે હો રીતી, કહે મેકણ પ્રેમની પ્રીતી.

ગરબી. ૧૮.

(આસે ભર્યા અમે આવીઆં એ રાગ)

પુજ્યા પ્રેમે કરીને નાથજીરે, ધન ધનરે તેનો
અવતાર રે; પુજ્યા પ્રેમે કરી રે ટેક.

દુઃખદાળીદ્ર દુરે થાયછેરે, મોજુ માણે પ્રાણી સંસાર રે. પુ. ૧
દાન દયાના દરીઆવછો રે, શાંતી સીતળ સાગર નીરરે. પુ. ૨
સુરતા લાગી સદાશીવમાંરે, સંત સાધુ ઉપર ઘણી મેરરે. પુ. ૩
શીતળ સંતોષી અંગછે રે. લાગી પ્રેમ સમાધી પુર રે. પુ. ૪
પરચા પુરે બાવો પલકમાંરે, ભાગે જીવનું આવાગમન તુરરે. ૫
પ્રેમે કરી પધરાવીઆ રે, ગુરૂના ચરણમાં સીસ નમાયરે. પુ. ૬
ચાર પદારથ પાંમશે રે, કેશવ ગુણ ગાય રે. પુજ્યા પ્રેમેકરી. ૭

ગરબી. ૧૯. (રાગ ઉપરનો છે.)

મળીઆ મોજ કરીને નાથજી રે, દુઃખ જનમો જનમનાં
જાય રે. મળીયા મોજ કરી રે. ટેક.

દયા કરી રોગ કાપીઓરે, પટેલ અણદાની કીધી સાયરે. મ. ૧

જ્યાં જ્યાં પધાર્યા પ્રેમથીરે, તેને આપ્યું અવીચળ ધામરે. મ. ૨
મનમાં ધારે જે માનતારે, પુરે મનવંછીતાં કામ રે. મ. ૩
અકળ કળામાં ખેલતારે, તેનો કોઈ ના જાણે પાર રે. મ. ૪
યાદ કરી જેને ઓળખ્યારે, અંતે મોક્ષ સુફળ અવતારરે. મ. ૫
દયા કરોતો અમે દાખીએરે, સાંમી સેવકની કરજો સાય રે. ૬
નવખંડે ચાલીછે નામનારે, કરજોડી કેસવ ગુણ ગાયરે. મ. ૭

ગરબી. ૨૦. (રાગ ઉપર પ્રમાણે છે)

ભાવે સેજોપીર ભેટીઆરે, જેને લીધો અલોકીક લાવરે;
ભેટ્યા ભાવેકરી રે ટેક.
અળસર માંહી આબરૂરે, દસે દિશા કીરતદ મામ રે. ભે. ૧
દેદેકાર ઘણું અનદીયે રે, નવખંડ જીવતુ નામ રે. ભે૦ ૨
ધરમની કોરે ધીરછો રે, જોતાં માહાદુઃખ મટી જાયરે. ભે૦ ૩
કરજોડી વીનતી કરેરે, ગજમાલ કવી ગુણ ગાય રે. ભે૦ ૪

ગરબી. ૨૧.

(ઘેલી કીધી મને ગોવાળીએ જો એ રાગની છે.)
દરીસન દેજો સાંમીજી દાસને જો,
તમારા દરશનની ઘણીછે આશ જો. દરી૦ ટેક.
દરશન તમારાં કર્યાથી દુઃખ જાયછે જો,
દુઃખ કોટી જુલમનાં મટી જાયછે જો. દર૦ ૧
દયા દાસપર લાવી દીજીએ જો,
માહા પાપ કરેલ માફ કીજીએ જો. દર૦ ૨
હુંતો લળી લળી પાયે લાગુ તમને જો,
કષ્ટ કાપી અમરપદ દો મુજને જો. દર૦ ૩

બહુ મનની ઉલ્લાસે આવીઆ જો,
બાવા સેજપુરીજીને મન ભાવીઆ જો. દરો ૪
સસી તુલ્યછે સાંમીજી મુખ તુમાહારૂં જો,
દેખી મન મોહેછે માહારૂં જો, દરો ૫
નખ દ્વાદસ તારા તપે જો.
લે મુકત ઓજન જે જપે જો. દરો ૬
બાવાનું રૂપ વરણવ કરૂ કીમ થકુજો,
કરી કોટી જીહબાથી ના કહી સકુજો. દરો ૭
બાવાનો મહીમા કહું હું કીમ થકોજો,
મુજ અલપમતી પોચતી નથી જો. દરો ૮
બાવાજી કીંકરછું તમારો જો,
સાંમીજી પુરો મનોરથ માહરો જો. દરો ૯
એમ વિન્ય કરીને ન્યાલ નમે જો,
સેવક વિનતી કરેછે આ સમે જો. દરો ૧૦

કીરતન ૧.

(પે ઓરા આવો છેલ નંદરા બાજુબંધ બાંધુ થાને ગજરા એ રાગ છે.)

સેજાનંદ સાંમછે સતરા, જેને પ્રેમ પીઆલા પીધા અજરા,
સેજાનંદ. ટેક.
પ્રેમ કરી સબ સાધુ આવે, દરશનની કરી રંગરેલ દલરા. સે.૧
સુનક સુનંદન સેજાનંદ સ્વામી, અનભવતણો આનંદ દલરા.૨
અલખ નીરંજન અભે અવતારી, કાટત જનકો જંજાળ જમરા.૩
મેકસુ કહે સ્વામી પુરણકામ, અરસપરસ અલખેલ દલરા. ૪

કીરતન ૨ જુ.

(લરકા દેખ્યા નંદ આહીરકા એ રાગ.)

આદ ધરમહે જીનકા, સ્વાંમી દેખ્યા સેજાનંદનકા; સ્વામી ટેક.
ગ્નાન, ધ્યાન, નીસદીન મેગરકહે, અસલ ફકીરી અદલકા. ૧
આસ કરી જગત સબ આવે, કાટત દુગદ્ધાદલકા; સ્વાં૦ ૨
ધ્યાંન, ધરમ, અભેપદ પાવે, નીત નીત ઓછવ આનંદકા; ૩
ઈંદ્રભુવન અવાસ અચળ હે, છત્રછાયા ચમરકા. સ્વા૦ ૪
સોળકળા સેજાનંદ શોભે, અનપુરણા હે અનકા. સ્વા૦ ૫
જેજેકાર સબ જગ બોલે, જસ, નીસાન હે જરકા. સ્વા૦ ૬.
કરજોડી મેકણ કહતહે, ધરમધોરંધર હે ધરકા. સ્વા૦ ૭

કીરતન ૩ જુ.

જે કોઈ સેજાને દરીસન આવે, જનમોજનમનાં સંકટ જાવે,
આપે ભગતી ગ્નાન અપાર, સાંતી રૂપ સેજામાહારાજ. ટેક.

મનખા જલમનો લાભ કમાયો, અભીયાન ક્ષેત્ર કુવરમાં આવ્યો;
અનકો કોટ આપ ઉદાર, સાંતી રૂપ સેજા માહારાજ. ૧
અકળકળા જાણણુ અવનાસી, પુરણ જગતમાં જોત પ્રકાશી;
અનભેખુ લગ્યા ઉઘડયા કપાટ, સાંતી રૂપ સેજા મહારાજ. ૨
અષ્ટસીધી, નવનીધી, ચાલી આવે, મંગળ મનોહર સુરતો કહાવે;
જોગ કળામાં ગતી હે અપાર, સાંતીરૂપ સેજા મહારાજ. ૩
દીન દીન અદકો રજકદે પાવે, ધામ ચારમાં જેજેકાર થાવે;
જસ્ક કુબેર ધનંદ કોઠાર, સાંતી રૂપ સેજામાહારાજ. ૪
જોગ જગનદલ દાંન દયાકર, જગમાં જોગેશર જોયા દલસાગર,
સુનકાદીક સુખ દેવ સમાન, સાંતી રૂપ સેજામાહારાજ. ૫

આપ ઉદાર અભેપદ આપે, અહો નીસદીન અજંપા જાપે;
કહે મેકણ દરસા દેદાર, સાંતીરૂપ સેજામહારાજ. ૬

કાફી.

પરચો તમારો સચોરે સેજાનંદસ્વામી, પરચો તમારો સચો ટેક.
પ્રેમણેથી પીર પરગટ થયારે, કુવરમાં કીધોરે મજો. સેજા૦ ૧
સોરારે પુરીનાં બાવો સદાવરત આલેતો, દેશમાં દીધોરે ડંકો. ૨
દયારે કરીને દરશન દીધાંતો, નકળંક નામતું જોરે. સેજા૦ ૩
દેશ પરદેશની માનતાયું આવેતો, રબારી ઉગાર્યા અપોરે. સે.૪
કરજોડી દેવરાજ ગાવર, દાસ છઉરે તું જો. સેજા૦ ૫

દોહરો.

રાધનપુર સ્વસ્થાનમાં, કુવરગામ મોઝારે;
આ ગ્રંથ સંપુરણ કર્યો, વરણવી વારંવાર.
કરજોડી ન્યાલ કહે, બુદ્ધીનો હું લગાર;
ચુક હોવતો વાંચીને, કરજો ભાઇઓ સાર.

સમાપ્ત.

જે સાહેબોએ આ પુસ્તક રચવામાં આગળથી મદદ

આપીછે, તે સાહેબોનાં શુભ નામો.

નકલ.	કુંવર.	
૧૬	શ્રી માહારાજ સુરજપુરીજી સેજપુરીજી.	
૧	મે. સાંમી કેવળપુરીજી.	
૧	સ્કોલર. મોહન લાડકચંદ.	
૧	સ્કોલર. હરખા નારાયણ.	
૧	સ્કોલર. ચુનીલાલ પુરશોતમ.	
૧	મે. કુબપુરીજી રામપુરીજી.	
૩	સ્કોલર. અબદુલ નુરભાઈ.	સુબાપુરાના.
૪	મે. મસાલીઆ પુજા.	રાધનપુર.
૧	રા. રા. દી. શીવલાલ બાદરચંદ.	

સહી કર્તા.

શા. બ્યાલ લાડકચંદ તથા ભાવસાર કસ્તુર.

તથા ઠ. ગીરધર વસરામ.

બીજા સાહેબો તરફથી વેળાસર નકલો ના આવવાથી તેમનાં નામ દાખલ કર્યાં નથી માટે તેની માફી માગીયેછીયે.

જાહેર ખબર.

આ ચોપડી જેઉ સાહેબોને લેવાની ખુશી હશે તેઉ સાહેબોને પ્રસીધ કરનાર પાસેથી રોકડી કીમતે મળશે વધારે રાખનારને કીફાયત આપવામાં આવશે ટપાલખર્ચ જુદુ પડશે તથા નીચલે ઠેકાણેથી વેચાતી મળશે.

ગામ કુવરમાં—શા. ન્યાલ લાડકચંદ પાસેથી.

ગામ કુવરમાં—માહારાજશ્રી સુરજપુરીજી પાસેથી.

ગામ સામીમાં—ઠકર ગીરધર વસરામ પાસેથી રોકડી કીમતે મળશે.

(સહી) ન્યાલ લાડકચંદ તથા ઠકર ગીરધર
તથા ભાવસાર કસ્તુર.